# મારા વહાલા વિદ્યાર્થીને...

– દિલીપ ભટ્ટ

RUDRA
PUBLICATION
...publishing positivity...

25/B, Govt. Society, B/h, Municipal Market. Off. C.G. Road,
Navrangpura, Ahmedabad - 380 009.
Ph. : 079-26447393 Mobile : 098259 25947
email : rudrapublication1@gmail.com
www.rudrapublication.com
Buy online www.clickabooks.com

**For Home Delivery : Mobile : +91-99241 43847**
Mumbai : M : 98212 95281 • 98692 75439

# મારા વહાલા વિદ્યાર્થીને

**– દિલિપ ભટ્ટ**

**Copyright @ Dr. Jeetendra Adhia**

All Rights reserved. No Part of this publication may be reproduced, stored in a retrieval system or transmitted, in any form or by any means, electronic, mechanical, photocopying, recording or otherwise without the prior written permission of the copyright owner

નવમી આવૃત્તિ : એપ્રિલ ૨૦૧૪

ISBN : 978-93-80420-35-6

Rs. 60/-

o Creative Consultant o
**Rajiv Bhalani**

o Layout & Design o
**Manu Patel**

o Printing o
**Rudra Publication**

o Publisher o
**Adhia International**
Ahmedabad, India
www.mindtraininginstitute.net



# સપ્રેમ

આ પુસ્તક મારા લાડકા વિદ્યાર્થી ચિ.
.........................................ને
સપ્રેમ અર્પણ કરતાં
હર્ષની લાગણી અનુભવું છું.
મારા શિષ્ય, આ પુસ્તકનો દરેક શબ્દ
મેં જ તને, તારા માટે લખ્યો છે,
એમ માનીને તું હૃદયમાં ધરજે.
યાદ રાખજે,
મારા આશીર્વાદ હંમેશા તારી સાથે છે.

# નિર્ણયમાં વિદ્યાર્થીઓની ભાગીદારી ક્યારે ?

આપણે ભાગ્યે જ વિદ્યાર્થીઓને સાંભળીએ છીએ. શાળા અને મહાશાળાઓમાં તો એમના પર વ્યાખ્યાનોનો નિરંતર અભિષેક કરીએ છીએ. હકીકતમાં આપણે કમસે કમ તમામ શૈક્ષણિક નિર્ણયોમાં એમને ભાગીદાર બનાવવાની જરૂર છે. મેં કેટલીક એવી શૈક્ષણિક સંસ્થાઓ જોઈ છે, જેમાં શ્રી મનસુખભાઈ ધાનાણી, ડૉ. ચંદ્રકાંત મહેતા કે ડૉ. દુષ્યંત શુક્લ જેવા કુશળ સંચાલકો વિદ્યાર્થીઓને ખરા અર્થમાં શૈક્ષણિક પ્રક્રિયાનો અભિન્ન ભાગ માને છે. એવી સંસ્થાઓ ખૂબ જ સફળ અને શ્રેષ્ઠ મનુષ્યોનું પદાર્પણ કરે છે. આ પ્રકારના સંચાલન અને આ પ્રકારની સંસ્થાઓ વધે તે જરૂરી છે. પી.ટી.સી અને બી.એડના વિદ્યાર્થીઓ સાથે કામ કરતાં કરતાં લખાયેલું આ પુસ્તક કોઈ પણ શિક્ષકનું કોઈ પણ વિદ્યાર્થીને કરવામાં આવેલું ઉદ્‌બોધન છે એમ માનીને વાંચકો સ્વીકારશે તો મારો પરિશ્રમ સાર્થક દેખાશે.

ડૉ. જિતેન્દ્ર અઢિયા દ્વારા એક નવા જ પ્રકારનું વૈચારિક પોઝિટિવ આંદોલન ચાલી રહ્યું છે. જ્યારે બધા જ આ જગતને બહારથી ઠીક કરવા નીકળી પડ્યા છે ત્યારે તેઓએ જિજ્ઞાસુ લોકોને ભીતરની સમૃદ્ધિ અપાવવાના જાણે કે શપથ લીધા છે. ડૉ. અઢિયાએ મારાં પુસ્તકો ભારે ઉત્સાહપૂર્વક વિશ્વભરના ગુજરાતીઓ સુધી પહોંચાડવાનો આગ્રહ રાખ્યો છે તે કોઈ પણ લેખક માટે રાજી થવા જેવું છે.

જ્યારથી ‘મારી વહાલી દીકરીને’, ‘મારા વહાલા દીકરાને’, ‘મારી વહાલી પત્નીને’, ‘પિતૃવંદના’ અને ‘માતૃવંદના’ પુસ્તકો વાચકોના હાથમાં મૂક્યા ત્યારથી શિક્ષકો તરફથી સતત માંગણી રહી છે કે અમારા વહાલા વિદ્યાર્થીઓ પ્રત્યે અમે અમારી લાગણી વ્યક્ત કરી શકીએ એવું પુસ્તક અમને આપો. એ માંગણીને ધ્યાનમાં રાખીને ડૉ. અઢિયાએ મને સૂચન કર્યું કે તમે આ વિષય પર પુસ્તક લખો અને તે લાગણીને માન આપીને મેં આ પુસ્તક **‘મારા વહાલા વિદ્યાર્થીને’** લખ્યું છે. આશા રાખું છું કે મારાં અન્ય પુસ્તકોની જેમ આ પુસ્તકને પણ વાંચકો ભારે હર્ષથી સ્વીકારશે અને હ્રદયમાં ઉતારશે.આપના પ્રતિભાવની મને પ્રતીક્ષા રહેશે.

(dilipbhatt2000@yahoo.com) — દિલીપ ભટ્ટ

# શબ્દરથના સારથિ

શ્રી દિલીપ ભટ્ટ છેલ્લાં પચીસેક વર્ષથી અમદાવાદમાં પોતાની વિશિષ્ટ વાક્‌છટાથી જાણીતા છે. તેઓએ અત્યાર સુધીમાં અનેક જાહેર વ્યાખ્યાનો આપ્યાં છે. મજાની વાત એ છે કે તેઓ વર્ગશિક્ષણ એટલે કે Classroom Teachingના પ્રખર પુરસ્કર્તા છે. આપણી નવી પેઢીના નવોદિત શિક્ષણવિદ હોવા ઉપરાંત તેઓ ઘણા સારા ગદ્યકાર છે. તેમની વાણીમાં જે મોહિની છે તેનો આપણામાંના ઘણાને અનુભવ છે. વ્યક્તિગત જીવનમાં તેઓ લેખક, પત્રકાર અને માધ્યમિક શિક્ષક તથા ઉચ્ચ શિક્ષણમાં ઇન્ટરનેટ જર્નાલિઝમના અધ્યાપક છે. તેઓ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, નવી દિલ્હીના રિસર્ચ ફેલો છે.

'ગુજરાત સમાચાર'દૈનિકમાં 'કૉફી હાઉસ' અને 'હૃદયકુંજ ' જેવી લોકપ્રિય કૉલમો તથા 'સંદેશ' દૈનિકમાં 'સુપ્રભાતમ્', 'સંસાર' અને 'પ્રતિબિંબ' જેવી વિખ્યાત કૉલમો તેઓ લખી ચૂક્યા છે. એક વિરાટ વાચકવૃંદની ચાહના તેમને મળી છે. ગુજરાતીમાં તેમણે 'અસામાન્ય જ્ઞાન' નામે એન્સાઇક્લોપીડિક ગ્રંથ આપ્યો છે. ઉપરાંત મનોવિજ્ઞાનના ઊંડા અભ્યાસી હોવાને કારણે અર્ધજાગ્રત મનની શક્તિઓ પર આધારિત 'વામલોક' નવલકથા પણ પ્રગટ કરી છે. તેમનામાં વિશ્વની બે મહાભાષાઓ સંસ્કૃત અને અંગ્રેજીનો અદ્‌ભુત સમન્વય જોવા મળે છે. તેઓ અંગ્રેજી માધ્યમની શાળાઓમાં સંસ્કૃતનું અધ્યાપન કરી ચૂક્યા છે. તેઓ પ્રાથમિક શાળાના આચાર્ય પણ રહી ચૂકયા છે, વર્ષો સુધી ઉચ્ચતર માધ્યમિકમાં અધ્યાપન કરી ચૂકયા છે. યુનિવર્સિટીના ઉચ્ચ શિક્ષણ કેન્દ્રમાં સંવાહક પણ રહી ચૂકયા છે. હાલ તેઓ પી.ટી.સી. અને બી.એડ. કોલેજના કો-ઓર્ડિનેટરની જવાબદારી નિભાવી રહ્યા છે. તેમના આ બધા અનુભવોને કારણે વિદ્યાર્થીઓ સાથે તેમનું અજબ પ્રકારનું તાદાત્મ્ય રહ્યું છે.

પોતાના આજ સુધીના જીવનકાળ દરમિયાન અનેક સાધુસંતો, સાધકો, રહસ્યમય જ્ઞાનમાર્ગીઓ તથા જિવાતી જિંદગીના ઉચ્ચ સ્તરના ઉપાસકો તથા દેશવિદેશના મોટિવેટર્સ - ટ્રેઇનર્સના સીધા સંપર્કમાં રહ્યા છે. તેઓ પોતે પણ ખૂબ સારા ટ્રેઇનર છે. કેમ્બ્રિજ યુનિવર્સિટીના અમદાવાદ ખાતેના ઇન્ટરનેશનલ સેન્ટર સાથે પણ તેઓ સંકળાયેલા છે. ઇન્ટરનેટની ઘણી વેબસાઇટો પર મનની અગાધ શક્તિઓ પરના તેમના મૌલિક, અનુભવપૂર્ણ તથા ચિંતનીય વિચારો પ્રગટ થયેલા છે. પૂર્વ અને પશ્ચિમના દેશોનાં પુસ્તકોનું તેમનું વ્યાપક વાચન પણ તેમની વાણીને દૈદીપ્યમાન બનાવે છે. સ્વભાવે લાગણીશીલ, સ્વાભિમાની, આત્મવિશ્વાસુ, અને સાત્ત્વિક હોવા ઉપરાંત તેઓ વિજ્ઞાન અને ટેક્‌નોલોજી પરના અનેક લેખો લખી ચૂક્યા છે.

**- ડૉ. જિતેન્દ્ર અઢિયા**

# અનુક્રમણિકા

મને યાદ છે તારાં કેટલાંક તોફાન ................................ ૯
તને હું હંમેશા સર્વપ્રથમ જોવાની ઇચ્છા રાખું છું ................ ૧૦
તું પણ થોડુંઘણું તપ કરતો રહેજે ................................ ૧૧
આ સાહસની ક્ષણને તું ઓળખજે ................................ ૧૨
તારી આંખની ચમક જોઉં છું ત્યારે ................................ ૧૩
ક્ષણને અગાઉથી જ ઓળખજે ................................ ૧૪
ફફડાટ ઘટાડજે, આનંદ વધારજે ................................ ૧૫
આદિ ગુરુજનોને વંદના કરવાનું તું વીસરી ન જતો ............ ૧૬
તારી વ્યક્તિત્વની છટામાં વ્યક્ત થતો રહુ છું હું ................ ૧૭
તારામાં કોલંબસ હયાત રહો ................................ ૧૮
મારા વિદ્યાર્થી, તારી દરેક સવાર સોનેરી સવાર હો ............ ૧૯
આગળના રસ્તાની ઝરણાને શી તમા ? ........................ ૨૦
એ સર્જન માટે જ તારા હાથ અમે ઘડયા છે .................... ૨૧
આવ, એના પર પગલાં પાડીને ટોચ પર પહોંચી જા ............ ૨૨
માત્ર બોલ્યા ન કરતો, સાંભળજે................................ ૨૩
સફળતા માટે ધીરજ રાખજે, ધીમો ન પડતો .................. ૨૪
જો તું એ માર્ગ ચૂકી જઈશ તો એ જંગલોમાં અટવાઈ જઈશ ...... ૨૫
ગણિત માત્ર વિષય નથી, દૃષ્ટિ છે, અભિગમ છે .............. ૨૬
તું પહેલા બીજાઓ માટે નાનાં નાનાં કામ કરતાં શીખજે ......... ૨૭
એ પણ સફળતાની એક અનિવાર્ય શરત છે. .................. ૨૮
જો તારે માધુર્યને પામવું હોય તો મૂળ સાથેનો સંબંધ જાળવવો પડશે. ૨૯
તો તું દૂરથી જ એને જોઈને વિરામ લેજે ........................ ૩૦
શક્ય હોય ત્યાં એમને અનુસરજે ................................ ૩૧
એ આંખ તારી પાસે હોય એમ હું ઇચ્છું છું ...................... ૩૨
જરીક વાર પાછા ફરીને જોઈ લેજે તારી સફરના એ સાથીઓને ... ૩૩



૬

હું તારી પાસેથી ભીતરની યાત્રા ઝંખતો હોઉં છું ................ ૩૪
એને તું ઝીણી નજરે વાંચી લેજે ............................ ૩૫
હવે એ જવાબદારી તમારા સૌની ............................ ૩૬
તારા ઉત્તમ પ્રશ્નોની મને હંમેશા ઝંખના રહી છે ............. ૩૭
એવા જ્ઞાનકોશને પણ તું આત્મસાત્ કરજે .................. ૩૮
એક અનંતકાલીન પરીક્ષામાં તું બેઠો છે ..................... ૩૯
તું સતત સૌંદર્યની પૂજા કરતો રહેજે ......................... ૪૦
તું તારી જીવનયાત્રામાં નવા ગુરુજનોની શોધ કરતો રહેજે........ ૪૧
તું જાગતો રહેજે ........................................... ૪૨
તારે જે જોઈએ તે તને મળશે .............................. ૪૩
તેમાં તારાથી શક્ય એટલાં મોતી તું પરોવતો રહેજે ............. ૪૪
ક્યાંક તું ગ્રામલક્ષ્મીને વીસરી ન જતો ........................ ૪૫
તારો ન્યાય તું જ કરજે અને ફરી ગણજે. ..................... ૪૬
એટલું યાદ રાખજે, પરમતત્ત્વ છે જ .......................... ૪૭
જે કાંઈ છોડવાનું આવે તે છોડવાની તું હિંમત રાખજે ........... ૪૮
તારા ઘરમાં તારા પગલાની સતત રાહ જોવાતી હોય છે .......... ૪૯
તારું હાસ્ય જ વિલાસ કરે તેમ હું ઈચ્છું છું ..................... ૫૦
આનંદ અને ઉત્સાહ એ જ જીવનની મુખ્ય ધારા છે ............. ૫૧
તારે કાગળ અને કલમ સાથે કામ પાર પાડવાનું છે............. ૫૨
સહુને તારી પ્રતીક્ષા છે, સહેજ ઉતાવળ રાખજે ................ ૫૩
આકાશના હજારો તારલિયાઓની આંખે અમે તને જોતા રહીશું... ૫૪
મારા આશીર્વાદ તારી સાથે જ છે ........................... ૫૫
આભાર .................................................... ૫૬
- અમારાં પ્રકાશનો અને ઉત્પાદનો ............................ ૫૭
- પ્રાપ્તિસ્થાનો ............................................. ૫૯
- હોમડિલિવરી ............................................ ૬૪

આ પુસ્તક ભેટ આપવા માટે જથ્થામાં ખરીદવું હોય
તો હોલસેલ ભાવે અમે આપને આપના તરફના
સંદેશ સાથેનું એક્સ્ટ્રા પેઈજ લગાડીને આપીશું.

- ડૉ. જિતેન્દ્ર અઢિયા

મારા વહાલા વિદ્યાર્થીને

# મને યાદ છે તારાં કેટલાંક તોફાન

મને યાદ છે તારાં કેટલાંક તોફાન.
તોફાન તો હોવાં જ જોઈએ.
કેટલાક એવા વિદ્યાર્થીઓ
પણ મેં જોયા છે
જેઓ બંધ પુસ્તક જેવા જ હતા.
પણ કેટલાક હતા
ઊછળતાં અને કૂદતાં.
ઘણી વખત અમારા
મીઠાં ઠપકાથી શમી જતા હતા
ભરતીના ઘૂઘવાટ
થોડીક ક્ષણો માટે.
આજે યાદ કરીએ છીએ
ત્યારે ફરી ઝગમગી ઊઠે છે
એ તોફાની તેજસ્વી તારલાઓ.

**મારા આશીર્વાદ તારી સાથે જ છે...**

# તને હું હંમેશા સર્વપ્રથમ જોવાની ઈચ્છા રાખું છું

આ જગતમાં કશું પણ શીખવું
એનાથી ક્યાંય વધુ મહાન કળા છે
કશુંક શીખતા રહેવું.
શીખવાની કળા જ સર્વોપરી છે,
કેમ કે એ આવડી જાય પછી
સર્વ વિદ્યાઓ સરળ થઈ જાય છે.
શિક્ષણ એ આપણે માટે
વ્યાયામ બની જાય
એ પહેલાં હે મારા વિદ્યાર્થી
તારી નિર્મળ આંખો, ખુલ્લા કાન
અને તારા નિખાલસ હૃદયને તું
શીખવાની કળા જ સૌથી પહેલા શીખવજે.
એક અતિ તેજસ્વી વિદ્યાર્થી
અને સામાન્ય વિદ્યાર્થી વચ્ચેનો તફાવત પણ
શીખવાની કળાને કારણે જ સર્જાય છે.
તને હું હંમેશા સર્વપ્રથમ
જોવાની ઈચ્છા રાખું છું.

**મારા આશીર્વાદ તારી સાથે જ છે...**